અપીલ અરજી નં.૨૭ તા.૧૫–૪ –૧૧
ફોન નં. ૨૪૨૩૭૫૧/૫૧૮

અરજદારઃ – શ્રી રાજેશકુમાર હરજીભાઈ જોળીયા
સામાવાળાઃ– એડી. સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (વરાછાઝોન)

**ફરીયાદની હકીકતઃ–**

**વિષય :–** આરટીઆઈ એકટ હેઠળ શ્રી રાજેશકુમાર હરજીભાઈ જોળીયાની તા.૨૫–૨–૧૧ની અરજીથી મોજે સરથાણા બ્લોક નં.૪૭ , સર્વે નં.૫૦ માં આવેલ સી. એચ. પાર્ક સોસાયટીમાં સોસાયટીનો સુડા/ વિ.પ.અ/ યુ.૪/૪૬૬૩ અ/૪૪૭૭, તા.૧૧–૬–૦૨ થી પ્લાન મંજુર થયેલ છે. જે પ્લાન મુજબ બાંધકામ થયેલ છે કે કેમ? મંજુર થયેલ પ્લાનના રસ્તા ઉપર બાંધકામ થયેલ છે કે કેમ? થયેલ છે તો આવુ બાંધકામ કયારે દુર કરવામાં આવશે? તે અંગે માહિતિ આપવા બાબત.

**સંદર્ભ :–** અરજદાર મજકુરની અપીલ તા.૧૫–૪–૧૧ ની **SMC/FAP/** નં.૨૭/૨૦૧૧–૧૨

શ્રી રાજેશકુમાર હરજીભાઈ જોળીયાની તા.૨૫–૨–૧૧ની અરજીથી મોજે સરથાણા બ્લોક નં.૪૭, સર્વે નં.૫૦ માં આવેલ સી.એચ.પાર્ક સોસાયટીમાં સોસાયટીનો સુડા/ વિ.પ.અ/યુ.૪/૪૬૬૩ અ/૪૪૭૭, તા.૧૧–૬–૦૨ થી પ્લાન મંજુર થયેલ છે. જે પ્લાન મુજબ બાંધકામ થયેલ છે કે કેમ? મંજુર થયેલ પ્લાનના રસ્તા ઉપર બાંધકામ થયેલ છે કે કેમ? થયેલ છે તો આવુ બાંધકામ કયારે દુર કરવામાં આવશે? તે અંગે માહિતિ આપવા બાબતે એડી. સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી વરાછા ઝોનના પત્ર નં. ઈ.ઝેડ/આરટીઆઈ/૭૫૪ તા.૨૫–૩–૧૧ થી આપેલ માહિતી સ્થળ તપાસ વિના તથા યોગ્ય ન આપેલ હોવાનું જણાવી મળેલ પ્રતિભાવથી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૧૫–૪–૧૧ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ,આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ ,આપવા જોગ પૂરક માહિતીની વિગતો વિલંબ /વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા તથા અપીલના મુદ્દા અંગે પણ તેમનો પક્ષ રજુ કરવા, સાથે પ્લાન મંજુરી પછી શહેર વિકાસ ઈજનેર–ઈન્સપેકટર ધ્વારા કોઈ તપાસણી રીપોર્ટ બાબત અંગે રજુ થયેલ હોય કે પરવાનાધારક કક્ષાએથી રજુ થયેલ પ્રગતિ રીપોર્ટ અને હકીકત રજુ કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૧૦૩ તા.૨૭–૪–૧૧ થી એડી. સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (વરાછાઝોન) તથા અરજદારનેઅપીલ અરજીમાં મુળ અરજીથી માંગેલ માહિતી, ફી ભર્યાની વિગત રજુ કરેલ ન હોઈ જે અંગે પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી મુળ અરજીની નકલ મળેલ છે. જયારે અરજદાર તરફથી કોઈ પૂરક વિગતો મળેલ નથી.

અરજદારની તા.૨૫–૨–૧૧ ની અરજીથી ઉપરોકત વિષયમાં નિર્દિષ્ટ બાબત હેઠળની માહિતી માંગતી અરજી જાહેર માહિતી અધિકારી વરાછાઝોન ખાતે કરવામાં આવેલ. વરાછાઝોન તરફથી પત્ર નં.ઈ.ઝેડ/આરટીઆઈ/૭૫૪ તા.૨૫–૩–૧૧ થી " ડ્રા. ટીપી સ્કીમ નં.૨૧ (સરથાણા–સીમાડા) બ્લોક નં.૪૭ માં બાંધકામના લે આઉટ પ્લાન સુડા ધ્વારા વિકાસ પરવાનગી નં.સુડા/વિપઅ/યુ–૪/૪૬૬૩/અ /૪૪૭૭ તા.૧૧–૬–૦૨ થી પ્લાન મંજુર કરવામાં આવેલ છે. મંજુર થયેલ પ્લાન મુજબ સ્થળ ઉપર બાંધકામ થયેલ છે કે કેમ? તે બાબતની માહિતી વરાછાઝોન ખાતેની રેકર્ડ ઉપર ઉપલબ્ધ નથી " તેવું જણાવેલ છે. જે બાબતે અરજદારે નિર્દિષ્ટ સમયગાળામાં મળેલા પ્રતિભાવથી નારાજ થઈ તા.૧૫–૪–૧૧ ના રોજ અપીલ અરજી કરેલ છે. જેમાં અરજદારે સ્થળ તપાસ વિના માહિતી પૂરી પાડેલ હોવાથી તથા યોગ્ય માહિતી આપેલ ન હોવાથી તથા મંજુર પ્લાન પ્રમાણે બાંધકામ છે કે કેમ? તેવી રજૂઆત કરેલ છે. મંજુર પ્લાન પ્રમાણે બાંધકામ છે કે કેમ? તે બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી રેકર્ડ ઉપર ઉપલબ્ધ નહીં હોવાનું જણાવેલ છે. જયારે અરજદાર સ્થળ તપાસ વિના માહિતી પૂરી પાડેલ અપીલમાંના દાવો આરટીઆઈના કાયદા સાથે સુસંગત નથી. આરટીઆઈ એકટની કલમ–૨(એફ) તથા ૨(જે) હેઠળ જાહેર સત્તા મંડળ પાસેની અથવા નિયંત્રણ હેઠળની દફતરી ઉપલબ્ધ માહિતી પૂરી પાડવાની જોગવાઈ છે. જે મુજબ માહિતી પૂરી પાડવામાં આવેલ છે. તેમ છતાં જાહેર માહિતિ અધિકારી કક્ષાએથી અપીલ તબકકે પ્લાન મંજુરી બાદ બકાંધકામની પ્રગતિ રીપોર્ટ કે બીલ્ડીંગ ઈન્સ્પેકટર ના તપાસ રીપોર્ટની કોઈ વિગતો રજૂ કરેલ નથી. જયારે અરજદાર પણ તેમના દાવાના સમર્થનમાં કોઈ આધાર રજૂ કરવામાં સફળ રહેલ નથી.

**હુકમ**

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૨૫–૨–૧૧ ની અરજીથી માંગેલ માહિતી જાહેર માહિતી અધિકારી તરફથી દફતરી વિગતે પૂરી પડાયેલ છે. તેમ છતાં અરજદાર ઈચ્છુક હોય તો બાબત હેઠળની ફાઈલની તપાસણી જાહેર માહિતિ અધિકારીનો અગોતરો સમય દિન–૭માં મેળવી આરટી આઈની કલમ ૭(૩) સાથે નિયમ– ૫ હેઠળની ફી ભરપાઈ કરીને મેળવી પ્રત્યુત્તરની ખરાઈ કરવા સ્વતંત્ર છે. અરજદારની તેવી માંગણી થયે હુકમની અમલવારી કરવા એડી. સીટી ઈજનેર અને જાહેર માહિતિ અધિકારી વરાછાઝોનને જણાવવામાં આવે છે.

(પી.જે.ઝાલા)
ડે.કમિશ્નર (સ્પે.)
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૬–૧૧

પ્રતિ,
(૧) એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (વરાછાઝોન),...જાણ તથા અમલ માટે .
(૨) શ્રી રાજેશકુમાર હરજીભાઈ જોળીયા